# પત્રક – ૧

## "લોક દરબાર" અંતર્ગત મળેલ અરજીઓ

લોક દરબાર તારીખ : ૧૨/૦૮/૨૦૧૫

સ્થળ : ટાઉન હોલ, જામનગર

સમય : સવારે ૧૦:૩૦ કલાકે

જિલ્લાનું નામ : જામનગર

તા. ૧૨/૦૮/૨૦૧૫ ના રોજ જામનગર મૂકામે યોજાયેલ જિલ્લા કક્ષાના લોક દરબારની વિગતો :

| પ્રગતિ અહેવાલ | |
|---|---|
| રજુ થયેલ પ્રશ્નોની સંખ્યા | ૨૯ |
| નિતિ વિષયક પ્રશ્નોની સંખ્યા | ૦૦ |
| નિકાલ થયેલ પ્રશ્નોની સંખ્યા | ૨૮ |
| પ્રગતિ હેઠળ રહેલ પ્રશ્નોની સંખ્યા | ૦૧ |

| પ્રશ્ન નં. | રજુઆત કર્તાનું નામ અને સરનામું | પ્રશ્ન / રજુઆતની વિગત | જવાબ / નિર્ણયની વિગત | નિરાકરણ કરનારા અધિકારીશ્રીના નામ અને મોબાઇલ નંબર | પેટા વિભાગીય કચેરી | વિભાગીય કચેરી | વર્તુળ કચેરી | નિકાલની સ્થિતી ( નિકાલ / પ્રગતિ હેઠળ / નીતી વિષયક ) | જો પ્રગતિ હેઠળ હોય તો નિકાલ ની સમયમર્યાદા | રીમાર્ક્સ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧ | શ્રી શ્રેણીકભાઇ મેહતા, બેડમીન્ટન હાઉસ પાસે, જામનગર | બેડમીંન્ટન હાઉસ પાસે નડતરરૂપ વધારાના તાણીયા તથા નડતરરૂપ ઝાડ ની ડાળીઓ દુર કરવા બાબત. | સદર રજુઆત અનુસંધાને જણાવવાનું કે, અરજદારશ્રીનો સદર વિસ્તાર અત્રેની સેન્ટ્રલઝોન પેટાવિભાગીય કચેરી હેઠળ આવતો હોઇ, તેમના દ્વારા અરજદારશ્રીની ફરિયાદ અન્વયે બેડમીંન્ટન હાઉસ પાસે અરજદારશ્રીના ઘર પાસે આવેલ નડતરરૂપ તાણીયો દુર કરી આપવામાં આવેલ છે તથા તેઓશ્રીના ઘર પાસે આવેલ વિજલાઇન ને નડતરરૂપ ઝાડ ની ડાળીઓ વાયર ઉપરથી દુર કરવામાં આવેલ છે. આમ અરજદારશ્રીની ફરીયાદનુ ત્વરીત નિવારણ કરેલ છે. | શ્રી એચ એસ કંડોરીયા ૯૮૭૯૨૦૧૭૭૧ | સેન્ટ્રલઝોન | શહેર-૧ | જામનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | સરપંચશ્રી, ધુંવાવ ગ્રામ પંચાયત, ગામ-ધુંવાવ, તા.જી. જામનગર. | ધુંવાવ ગામ હેઠળ ટ્રાન્સફોર્મર ની પેટીઓ બદલાવવા બાબત. | ધુંવાવ ગામમાં કુલ ૧૫ ટ્રાન્સફોર્મર સેન્ટર આવેલા છે. જેમાંથી જરૂરી કુલ ૬ નંગ ડીસ્ટ્રીબ્યુશન બોક્ષ બદલાવેલ છે અને કુલ ૩૬ નંગ ફ્યુઝ નવા નાખવામાં આવેલ છે. તદઉપરાંત ધુંવાવ ગામમાં હળવા દબાણની લાઇનના કુલ ૪ વિજવાયરો બદલાવવામાં આવેલ છે. ઉપરાંત અરજદારશ્રીની રજુઆતમાં દર્શાવેલ અક્સ્માત બાબતે જણાવવાનું કે, ફ્યુઝ પેટીના કોઇ ફોલ્ટને કારણે કોઇ અકસ્માત થયેલ નથી પરંતુ તા.૧૦.૦૬.૧૫ના રોજ ભારે પવન સાથે વરસાદ આવેલ ત્યારે વિજપોલ ઉપર કેબલ શોર્ટસર્કીટ થતાં સર્વીસ વાયર સાથેના જી.આઇ.વાયરમાં પાવર લીકેજ થવાથી અકસ્માત થવા પામેલ. બનાવનો ભોગ બનનાર આસામીએ પાણીના ખાબોચીયા તથા કીચડ હોવાના કારણે પોલ પકડી ચાલવા જતાં તેમને ઇલેકટ્રીક શોક લાગેલ. બનાવવાળી જગ્યાનું સમારકામ ત્વરીત પુર્ણ કરેલ છે. | શ્રી એચ એસ ચૌધરી ૯૯૨૫૨૧૦૧૧૮ | હાપા | શહેર-૧ | જામનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | સરપંચશ્રી, નાના ખડબા - મણીપુર ગ્રામ પંચાયત | લાલપુર તાલુકાના નાના ખડબા તથા મણીપુર ગામને નવા બનેલ સમાણા પેટાવિભાગીય કચેરીમાંથી ફરીથી લાલપુર પેટાવિભાગીય કચેરી માં સમાવેશ કરવા અંગે | શ્રી નાના ખડબા-મણીપુર ગ્રામ પંચાયતની રજૂઆત મુજબ કાર્યપાલક ઈજનેરશ્રી તથા લાલપુર તેમજ સમાણા પેટાવિભાગિય કચેરીના નાયબ ઇજનેરશ્રીઓ એ તા.૧૭.૦૭.૨૦૧૫ ના રોજ આ પ્રશ્નના નિરાકરણ માટે નાના ખડબા ગામની મુલાકાત કરેલ. આથી સદર રજુઆત અન્વયે જણાવવાનું કે, કોઇપણ કચેરીનું વિભાજન કરતી વખતે ભોગોલીક તેમજ તાંત્રિક પાસાને જે ને ધ્યાને લેવામાં આવે છે. તેમજ પેટાવિભાગીય કચેરીના કામભારણ પણ સમતોલ રીતે જળવાય રહે તે ધ્યાને લેવું જરૂરી છે. જામજોધપુર(ઇસ્ટ) પેટા વિભાગીય કચેરી અને લાલપુર પેટાવિભાગીય કચેરી માંથી ગ્રાહકોની સંખ્યા, ગામોની સંખ્યા, વીજલાઇન ની લંબાઈ તથા ટ્રાન્સફોર્મર ની સંખ્યા, આવક વગેરે પાસાઓ ધ્યાને લઈને ગ્રાહકોને વધુમાં વધુ સુવિધા અર્થે સમાણા ખાતે નવી પેટાવિભાગીય કચેરી મંજુર થયેલ છે. જેમાં જામજોધપુર કે લાલપુર તાલુકા મથકે જ સમાણા પેટાવિભાગીય કચેરી ની ઓફીસ સમાણા ખાતે ગ્રાહકો તથા અરજદારોને વધુ સારી સુવિધા મળી રહે તેવા હેતુથી કરવામાં આવેલ છે. વધુમાં નાના ખડ્બા, મણીપુર ગામ લાલપુર તથા સમાણા ગામથી સરખા અંતરે જ આવેલા છે. હાલમાં નાના ખડ્બા, મણીપુર ને ૧૧કેવી બાધલા જ્યોતીગ્રામ ફીડર તથા ખેતીવાડી વિસ્તારને ૧૧ કેવી નાના ખડ્બા ખેતીવાડી ફીડર દ્વારા વીજપુરવઠો આપવામાં આવે છે. બંને પેટાવિભાગીય કચેરી ની વિસ્તૃત માહિતી નીચે મુજબ છે. | શ્રી પી જી શાહ ૯૮૭૯૨૦૧૮૨૬ | લાલપુર | જામજોધપુ ર | જામનગર | પ્રગતિ હેઠળ | | |

| પેટા વિભાગીય કચેરી | લાલપુર | જામ જોધપુર (ઇસ્ટ) | સમાણા |
|---|---|---|---|
| ગામની સંખ્યા | ૩૬ | ૩૦ | ૩૫ |
| ગ્રાહકની સંખ્યા | ૧૬૩૪૯ | ૧૫૮૧૫ | ૯૯૪૮ |
| એચ.ટી. લાઈન કિમી | ૧૨૭૫.૮૯ | ૧૨૧૯.૮૪ | ૮૨૯.૧૮ |
| એલ.ટી. લાઈન કિમી | ૧૨૨૨.૯ | ૮૭૦.૫ | ૬૫૪.૬૨ |
| ટ્રાન્સફોર્મર ની સંખ્યા | ૨૬૨૪ | ૨૫૦૨ | ૧૫૪૦ |
| આવક Lac | ૮૦.૦૬ | ૯૮.૧૯ | ૬૫.૮૩ |
| એરિયા Sq.km. | ૭૫૪.૮૧ | ૬૩૪.૯૨ | ૪૮૦.૪૧ |

અરજદારશ્રીની રજૂઆતે ભૌગોલીક તેમજ તાંત્રીક દ્રષ્ટિએ ફેરવિચારણા કરી આગળની કાર્યવાહી કરવામાં આવશે.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | શ્રી સતાપર યુવક મંડળ | સતાપર વિસ્તારના વણ-ઉકેલ્યા વીજ પ્રશ્નો. | સદર રજુઆતે જણાવવાનું કે, સતાપર ગામે ખેતીવાડી તથા ઘર વપરાશના જોડાણો માટે ત્રણ ૧૧ કેવી ફીડરો આવેલા છે. જે એકબીજાને ક્રોસ થાય છે. જેમાં ૧૧કેવી સતાપર એજી, ૧૧કેવી વરવાડા એજી, તેમજ ૧૧કેવી ઉદેપુર જયોતિગ્રામ ફીડરો આવેલા છે. ઉદેપુર જ્યોતિગ્રામ ફીડરમાં સતાપર, ઉદેપુર તથા વરવાળા ગામ આવેલ છે. જયારે સતાપર તથા વરવાળા એજી ફીડરમાં સતાપર, વરવાળા તથા ઉદેપુર ગામનો ખેતીવાડી વિસ્તાર આવે છે. હાલમાં આ ત્રણેય ફિડરોમાં કુલ ૫૧ ક્રોસિંગ આવેલ છે. હાલ ૬૬કેવી સતાપર સબસ્ટેશન નું કામ ચાલુ છે. ૬૬કેવી સબસ્ટેશન કાર્યરત થતા ઉપરોક્ત ત્રણેય ફીડરોના બાયફરગેશન થઇ જશે અને ત્યારબાદ સતાપર ગામે કુલ ૧૫ ક્રોસિંગ રહેશે જે ક્રોસિંગ દુર કરવા પ્રોજેક્ટ નં ૧૦૯૯૧૩, ૧૦૯૯૧૪ ની મંજુરી મળતા બાકી રહેલ ક્રોસિંગ પણ દુર કરી આપેલ છે. વધુ માં વરવાળા ખેતીવાડી ફીડર ની લાઈન સતાપર ગામ માંથી પસાર થતી હતી તે ફેરવીને પાંચ ક્રોસિંગ દુર કરેલ છે. | શ્રી એ એમ સોરઠીયા ૯૯૨૫૨૧૦૧૨૪ | જામજોધપુર (વેસ્ટ) | જામજોધપુર | જામનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | શ્રી સતાપર યુવક મંડળ | સતાપર વિસ્તારના વણ-ઉકેલ્યા વીજ પ્રશ્નો. | સતાપર ગામે ખેતીવાડી વિસ્તારમાં છેલ્લા બે વર્ષમાં નીચે મુજબની મેઇન્ટેનન્સની કામગીરી કરેલ છે. હીરા ખેંગાર એજી ગ્રુપમાં ૭ ગાળાના, રામવાડી ગ્રુપમાં ૮ ગાળાના, વડલી ગ્રુપમાં ૬ ગાળાના, પરબત દેવદાસ ગ્રુપમાં ૫ ગાળાના, લખમણ અભુ ગ્રુપમાં ૩ ગાળાના વાયરો બદલી મેન્ટેનન્સ કરેલ છે. વરવાળા એજી મેઈન લાઈનના ૪૬ ગાળાના વાયરો બદલાવેલ છે. વધુમાં વરવાળા એજી ફીડર માં ૧૫ જીઓસ્વીચ લગાવેલ છે. જયારે વી-ક્રોસ આર્મ-૨૫ બદલાવેલ છે. સતાપર એજી ફીડરમાં ઉદેપુર રોડ પર ૪૫ ગાળાના તથા વાંસજાલીયા સબ-સ્ટેશન પાસે ૪૨ ગાળાના તથા પેટ્રોલપંપ પાસે ૨૪ ગાળાના ઢીલા વાયરો ખેચી મેન્ટેનન્સ કરેલ છે. વધુમાં સતાપર ખેતીવાડી ફીડરમાં જર્જરીત ૨૧ પોલ બદલાવેલ છે. સતાપર એલ ટી ગ્રુપમાં ૪૦ ગાળાના વાયર બદલાવેલ છે. તેમજ ટ્રી કટિંગ કરેલ છે. તથા ૨૫ પોલ સીધા કરેલ છે. વધુ માં જર્જરિત લાઈનો નું સર્વે કામ કરેલ. જે અન્વયે વરવાડા એજી માં વાંસજાલીયા પાસે ૧૦ ગાળાના, ગપતીયા નેશ પાસે ૧૦ ગાળાના, કુંડ નેશ પાસે ૫ ગાળાના, વરવાડા ગામ પાસે ૧૦ ગાળાના ઢીલા વાયરો ખેચી મેન્ટેનન્સ કરેલ છે. તથા ગપતીયા નેશ પાસે ૨૦, વરવાડા ભડાનેશ પાસે ૧૦, માધવાણી ગ્રુપ પાસે ૧૦ તથા ડેમ કાંઠે ૨૦ વી-ક્રોસ આર્મ બદલાવેલ છે. તેમજ ૮ નવી સ્વીચો, ૬ સ્વીચો નું મેન્ટેનન્સ, ૫ ડીઓ સેક્શન નવા, ૧૦ ટીસી ના અર્થીંગ કરેલ, અને જુના ડેમેજ ૨૦ પોલ બદલાવેલ છે. સતાપર એજી ફીડર માં વાંસજાલીયા સબ સ્ટેશન થી વડલી ગ્રુપ સુધીમાં ૫૦ ગાળાના | શ્રી એ એમ સોરઠીયા ૯૯૨૫૨૧૦૧૨૪ | જામજોધપુર (વેસ્ટ) | જામજોધપુર | જામનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | ઢીલા વાયરો ખેચી મેન્ટેનન્સ કરેલ છે. વધુમાં ઉપરોક્ત વિસ્તારમાં ૨૫ નમી ગયેલ પોલ સીધા કરેલ, તથા ૨૫ વી-ક્રોસ આર્મ બદલાવેલ છે. તેમજ ૬ નવી સ્વીચો લગાવેલ છે. અને ૪ નવા ડીઓ સેક્શન લગાવેલ છે. ૧૦ ટીસી ના અર્થીંગ કરેલ છે. ૧ એલએસટીસી સ્વીચ રીપેર કરેલ છે. ૧૦ ત્રીસુલ, ૪ રોડ ક્રોસિંગ સાઈડ મેન્ટેનન્સ, ૧૫ ટીસી ના સ્ટડ તથા જમ્પર રીપેરીંગ, ૧૦ ટીસી ના સર્કીટ કેબલ, ૧૦ ગ્રુપ માં ઘાય તથા ફેબ્રીકેશન બદલાવેલ છે. | | | | | | | |
| ૬ | શ્રી સતાપર યુવક મંડળ | સતાપર વિસ્તારના વણ-ઉકેલ્યા વીજ પ્રશ્નો. | સતાપર ગામમાં કુલ પાંચ ટ્રાન્સફોર્મર છે. જે દરેકમાં ફ્યુઝ સાથેના ડીસ્ટ્રીબ્યુશન બોક્સનું સમારકામ તથા લગાડવાનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે અને ખેતીવાડી ના ટ્રાન્સફોર્મરોમાં કે જ્યાં જોડાણ દીઠ અલગ-અલગ ટ્રાન્સફોર્મર છે, તે ટ્રાન્સફોર્મરની અંદર આ પ્રકારની સ્વીચ આવેલ છે. | શ્રી એ એમ સોરઠીયા ૯૯૨૫૨૧૦૧૨૪ | જામજોધપુર (વેસ્ટ) | જામજોધપુ ર | જામનગર | નિકાલ | | |
| ૭ | શ્રી સતાપર યુવક મંડળ | સતાપર વિસ્તારના વણ-ઉકેલ્યા વીજ પ્રશ્નો. | સદર રજુઆતે જરૂરી સમારકામની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. | શ્રી એ એમ સોરઠીયા ૯૯૨૫૨૧૦૧૨૪ | જામજોધપુર (વેસ્ટ) | જામજોધપુ ર | જામનગર | નિકાલ | | |
| ૮ | શ્રી સતાપર યુવક મંડળ | સતાપર વિસ્તારના વણ-ઉકેલ્યા વીજ પ્રશ્નો. | સતાપર ગામે નવા ૬૬ કેવી સબ સ્ટેશનનું કામ ટ્રાન્સમીશન કંપની દ્વારા કરવામાં આવે છે. આ સબ-સ્ટેશનની કામગીરીમાં અડચણો આવેલ છે જે દુર કરવા ટ્રાન્સમીશન કંપની દ્વારા કાર્યવાહી ચાલુ છે. સદર રજુઆતના રોજ જેટકો કંપનીના અધિકારીશ્રીઓ પણ હાજર રહેલ, આથી સદર બાબતથી તેઓ વાકેફ છે. (વિશેષમાં ટાવર લાઇન ઉભી કરવામાં વાંધા અરજીઓ આવેલ છે તથા બીજી વ્યવસ્થા માટે વન વિભાગની કચેરીનો સંપર્ક જેટકો દ્વારા ચાલુ છે) | જેટકો ને લગત | જેટકો ને લગત | જેટકો ને લગત | જેટકો ને લગત | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | શ્રી સતાપર યુવક મંડળ | સતાપર વિસ્તારના વણ-ઉકેલ્યા વીજ પ્રશ્નો. | સતાપર ખેતીવાડી વિસ્તારમાં વીજ પુરવઠો પૂરો પાડતા ખેતીવાડી ફિડરોમાં શેડ્યુલ મુજબ અગાઉ આઠ કલાક અને હાલ દસ કલાક થ્રી ફેઇઝ વીજ પુરવઠો આપવામાં આવે છે. પરંતુ જયારે લાઈનો ફોલ્ટમાં જતી હોય ત્યારે ફોલ્ટ દુરસ્ત કરી વીજ પુરવઠો ચાલુ કરી જરૂરી રીલીફ આપી નિયત કરેલ સમયનો થ્રી ફેઇઝ પુરવઠો આપવામાં આવે છે. વધુમાં સતાપરના ખેતીવાડી વિસ્તારમાં વરવાળા તથા સતાપર ખેતીવાડી ફીડરમાંથી વીજ પુરવઠો આપવામાં આવે છે. બંને ફીડરો ૬૬ કેવી વાંસજાલીયા સબ સ્ટેશનમાંથી આવતા હોઈ, ફીડરોની લંબાઈ વધારે છે. તેમજ બંને માં પુરતો લોડ છે. જે માટે સતાપર ગમે નવું ૬૬ કેવી સબ સ્ટેશનનું કામ ચાલુ છે. ૬૬ કેવી સબ સ્ટેશન કાર્યરત થયે સતાપર તથા વરવાળા ખેતીવાડી ફીડરોનું બાયફર્ગેશન થઇ જશે જેથી બંને ખેતીવાડી ફીડરોનો લોડ તેમજ લંબાઈ ઓછી થઇ જશે. અને પ્રશ્નનું નિરાકરણ થઇ જશે. વધુમાં વરવાળા ખેતીવાડી ફીડરને એજી-એચવીડીએસ યોજના હેઠલ દરેક વિજજોડાણને અલગ ટ્રાન્સફોર્મરથી જોડવામાં આવેલ છે. જેથી હળવા દબાણની લાઇન દુર થવાથી સદર ગ્રાહકોને ગુણવત્તાયુકત અને સાતત્યપુર્વક વિજપુરવઠો મળી રહે છે. | શ્રી એ એમ સોરઠીયા ૯૯૨૫૨૧૦૧૨૪ | જામજોધપુર (વેસ્ટ) | જામજોધપુર | જામનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૦ | શ્રી સતાપર યુવક મંડળ | સતાપર વિસ્તારના વણ-ઉકેલ્યા વીજ પ્રશ્નો. | સતાપર, વરવાળા, તથા ઉદેપુર ગામમાં વીજ પુરવઠો પૂરો પડતા ૧૧ કેવી ઉદેપુર ફીડરમાં જે હાલ વાંસજાલીયા ૬૬ કેવી સબ સ્ટેશનમાંથી આવે છે. પરંતુ સતાપર ગામે ૬૬ કેવી ટૂંક સમયમાં કાર્યરત થયે આ ગામોનો વીજ પુરવઠો બે ફીડરોને અલગ કરી આપવામાં આવશે, જેથી ફોલ્ટની સંખ્યા ઘટશે અને વીજ પુરવઠો સાતત્યપુર્વક મળતો રહેશે. ઉદેપુર જયોતિગ્રામ ફીડરનું સમયાંતરે સમારકામ કરવામાં આવે છે. છેલ્લે તા.૨૮.૫.૧૫ ના મેન્ટેનન્સ કરેલ જેમાં ૨૦ પોલ સીધા કરેલ, ૧૫ ગાળાનું સ્ટ્રીંગીંગ કરેલ તેમજ ટ્રી કટિંગ અને જમ્પર કામ કરેલ. | શ્રી એ એમ સોરઠીયા ૯૯૨૫૨૧૦૧૨૪ | જામજોધપુર (વેસ્ટ) | જામજોધપુર | જામનગર | નિકાલ | | |
| ૧૧ | શ્રી સતાપર યુવક મંડળ | સતાપર વિસ્તારના વણ-ઉકેલ્યા વીજ પ્રશ્નો. | સતાપર ગામે ૧ કિમી એચ ટી લાઈન, ૫.૨૭૬ કિમી એલ ટી લાઈન તેમજ ૦૫ ટ્રાન્સફોર્મર સેન્ટર છે. કુલ ૫.૨૭૬ કિમી એલ ટી લાઈન માંથી ૨.૩૫૬ કિમી એલ ટી લાઈન માં કેબલીંગ કામ કરેલ છે. જયારે બાકીના ૨.૯૨૦ કિમી એલ ટી લાઈન નું કેબલીંગ કામ કરવા માટેના પ્રોજેક્ટ નં.૧૦૯૯૧૭ ની જરૂરી મંજુરી મળતા સદર કામ પણ પુર્ણ કરેલ છે. | શ્રી એ એમ સોરઠીયા ૯૯૨૫૨૧૦૧૨૪ | જામજોધપુર (વેસ્ટ) | જામજોધપુર | જામનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૨ | શ્રી અમૃતલાલ અરજણભાઈ ફળદુ (ઉર્ફે પોલાભાઈ), રે.લાલપુર, ઠે.નવી હવેલી પાસે, જી. જામનગર. મો.નં.૯૪૨૭૨ ૭૫૫૫૪, | લાલપુર પેટાવિભાગિય કચેરીમાં સ્ટાફની ઘટ્ટ હોવાથી ફોલ્ટ રીપેર થવામાં થતા વિલંબ અંગે | અરજદારશ્રીની રજુઆત અનુસંધાને જણાવવાનું કે, લાલપુર પેટાવિભાગિય કચેરી હેઠળ કુલ સાત ૬૬કેવી સબસ્ટેશનમાંથી ૪૨ - ૧૧કેવી ફીડરો દ્વારા ૩૬ ગામોને વીજપુરવઠો આપવામાં આવે છે. જેમાં એચ ટી લાઈન ૧૨૫૭.૮૯ કિમી, એલ ટી લાઈન ૮૭૦.૫૦ કિમી તથા કુલ ૨૬૨૪ ટ્રાન્સફોર્મર સેન્ટર છે. પ્રવર્તમાન પરિપત્ર મુજબ લાલપુર પેટાવિભાગિય કચેરીમાં લાઈન ઇન્સ્પેકટર-૦૧, લાઈનમેન-૦૩, આસી. લાઈનમેન-૦૪, તથા ઈલેક્ટ્રીકલ આસી-૧૫, પેટા વિભાગિય કચેરીના સેટઅપ મુજબનો જ પુરેપુરો સ્ટાફ કામ કરે છે. જુન માસની ૨૩-૨૪ તારીખે ભારે પવન તથા વરસાદને લીધે તમામ ફીડરો બંધ થઇ ગયેલ તથા વીજપોલો પડી ગયેલ. તે સમયગાળામાં થોડા સમય માટે ટેમ્પરરી ફોલ્ટ એટેન્ડ કરવામાં વિલંબ થયેલ. | શ્રી પી જી શાહ ૯૮૭૯૨૦૧૮૨૬ | લાલપુર | જામજોધપુર | જામનગર | નિકાલ | | |
| ૧૩ | શ્રી અમૃતલાલ અરજણભાઈ ફળદુ (ઉર્ફે પોલાભાઈ), રે.લાલપુર, | લાલપુર પેટાવિભાગિય કચેરીમાં હેલ્પર ની બદલી કરવા અંગે | અરજદારશ્રીની રજુઆત અનુસંધાને જણાવવાનું કે, લાલપુર પેટાવિભાગિય કચેરીમાં આવેલ હેલ્પરો તથા અન્ય કર્મચારીઓને તેમના હોદ્દા અનુસાર કામ સોંપવામાં આવેલ છે. આ કર્મચારીઓ ફરજમાં બેદરકારી દાખવે તો તેના ઉપર કંપનીના નિયમ અનુસાર પગલા ભરવામાં આવે છે. | શ્રી પી જી શાહ ૯૮૭૯૨૦૧૮૨૬ | લાલપુર | જામજોધપુર | જામનગર | નિકાલ | | |
| ૧૪ | શ્રી અમૃતલાલ અરજણભાઈ ફળદુ (ઉર્ફે પોલાભાઈ), રે.લાલપુર, | પીજીવીસીએલ દ્વારા માલસામાનની ખરીદી બાબત. | સદર રજુઆત અનુસંધાને જણાવવાનું કે, કંપની દ્વારા માલસામાનની ખરીદી નક્કી થયેલા ધારાધોરણો મુજબની ડીઝાઇન અને સ્પેસીફીકેશનવાળા ઉત્પાદકો પાસેથી જ યોગ્ય ટેસ્ટીંગ કરીને જ ખરીદીઓ કરવામાં આવે છે. | શ્રી એન પી શાહ ૮૯૮૦૦૩૧૫૦૯ | - | જામજોધપુર | જામનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૫ | શ્રી અમૃતલાલ અરજણભાઈ ફળદુ (ઉર્ફે પોલાભાઈ), રે.લાલપુર, | લાલપુર પેટાવિભાગિય કચેરીમાં પોલની આવક જાવકના હિસાબ રાખવા તથા દુરૂપયોગ અંગે | લાલપુર પેટાવિભાગિય કચેરીમાં પોલની આવક તેમજ જાવક નું રજીસ્ટર મેન્ટેઇન કરવામાં આવે છે અને નિગમિત કચેરી દ્વારા મોનીટરીંગ કરવામાં આવે છે. અરજીમાં જણાવેલ પોલની બાબત અંગે જણાવવાનું કે અસામાજિક તત્વો દ્વારા ફિલ્ડમાં તોડ-ફોડ કરીને તેનો દુરૂપયોગ કરવામાં આવે છે. પરંતુ આવી કોઈ હકીકત ધ્યાને આવેલ નથી અને આવી હકીકત માલુમ પડશે તો તે બાબતે યોગ્ય તપાસ કરી કાયદાકીય યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. | શ્રી પી જી શાહ ૯૮૭૯૨૦૧૮૨૬ | લાલપુર | જામજોધપુર | જામનગર | નિકાલ | | |
| ૧૬ | શ્રી અમૃતલાલ અરજણભાઈ ફળદુ (ઉર્ફે પોલાભાઈ), રે.લાલપુર, | પીજીવીસીએલ દ્વારા પોલની જરૂરીયાત મુજબ એક જ જગ્યાએ પોલ સપ્લાય કરવા બાબત. | સદર રજુઆત અનુસંધાને જણાવવાનું કે, કંપની દ્વારા પોલની જરૂરિયાત મુજબ જે-તે કામના સ્થળો પર પોલ ઉતારવામાં આવે છે. જેથી કામગીરી સરળતાથી તથા ઝડપથી થઇ શકે. | શ્રી એન પી શાહ ૮૯૮૦૦૩૧૫૦૯ | - | જામજોધપુર | જામનગર | નિકાલ | | |
| ૧૭ | શ્રી અમૃતલાલ અરજણભાઈ ફળદુ (ઉર્ફે પોલાભાઈ), રે.લાલપુર, | જાહેર હિત માટે જી.ઈ.બી. ને લગતી ફરિયાદ તથા જીલ્લા કલેકટર સાહેબના ડીશ કનેકશનવાયરના જાહેરનામા અંગે. | અરજદારશ્રીની રજુઆત અનુસંધાને જણાવવાનું કે, પીજીવીસીએલના નેટવર્ક એટલે કે પીજીવીસીએલની વિજલાઈનોના પોલના આધારે કેબલ ઓપરેટરો દ્વારા ટીવી-ડીશ કેબલો પસાર કરવામાં આવે છે. જે નિયમની વિરુદ્ધ હોય, તેમજ અકસ્માત થવાની સંભાવના હોય, જેથી કંપની તરફથી આવા ટીવી-ડીશ કેબલો દુર કરવા જણાવેલ છે અને આ રીતે પોલ ઉપરથી ટીવી-ડીશ કેબલો દુર કરવાનું ચાલુ છે. જીલ્લા કલેક્ટરશ્રી કે જે જીલ્લાના દરેક ખાતાના વડા છે, તેઓશ્રી દ્વારા જરૂર પડ્યે સરકારશ્રીના નિયમો મુજબ જાહેરનામું બહાર પાડવામાં આવે છે અને તે રીતે પીજીવીસીએલ કંપનીના પોલ ઉપરથી ટીવી-ડીશ કેબલો દુર કરવાનું કામ કરવામાં આવે છે અને હાલ ચાલુ છે. | શ્રી એન પી શાહ ૮૯૮૦૦૩૧૫૦૯ | - | જામજોધપુર | જામનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૮ | શ્રી નાથાભાઈ મુરુભાઈ ચાંડપા, રે.મુરીલા, ઠે.સરદાર આવાસ, તા.લાલપુર, જિ.જામનગર. મો.૯૪૨૭૨ ૭૫૫૫૪. | ઘર વપરાશ માટે સિંગલ ફેઇઝ લાઇટનું વીજ કનેક્શન મળવા અંગે. | અરજદારશ્રીની રજુઆત અનુસંધાને જણાવવાનું કે, પીજીવીસીએલ કંપનીની લાલપુર પેટા વિભાગીય કચેરીના નાયબ ઈજનેરશ્રીએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લીધેલ છે અને જાત તપાસ કરતા માલુમ પડેલ છે કે, સરદાર આવાસ યોજનાના સ્થળે હાલ પીજીવીસીએલનું ફક્ત એક જ ઘર વપરાશ માટેનું વીજ જોડાણ આવેલ છે. જે મુરુભાઈ આલાભાઇ ચાંડપા ગ્રાહક નં. ૮૨૨૦૧/૦૫૦૭૪/૦ નું છે. અરજીમાં દર્શાવ્યા મુજબ શ્રી નાથાભાઈ મુરુભાઈ ચાંડપા કે અન્ય ૬ અરજદારો દ્વારા પીજીવીસીએલ કચેરીને ઘર વપરાશના હેતુ માટેના વીજ જોડાણની ક્યારેય અરજી મળેલ નથી. આ બાબતે નવા વીજ જોડાણ માટે અરજી કરવા માટે તેમને સમજણ આપેલ છે અને તેમના દ્વારા વીજજોડાણની અરજી કર્યે તાત્કાલિક વીજજોડાણ કંપનીના નિયમાનુસાર આપવામાં આવશે. | શ્રી પી જી શાહ ૯૮૭૯૨૦૧૮૨૬ | લાલપુર | જામજોધપુર | જામનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૯ | શ્રી રમેશ મગનભાઇ સરવેયા, રહે.હાથણી, વિસ્તાર-નવાગામ ઘેડ, જામનગર. | હાથણી વિસ્તાર હેઠળ અનિયમિત વિજ પાવર મળવા બાબત. | સદર રજુઆત અનુસંધાને જણાવવાનું કે, અત્રેની હાપા પેટાવિભાગ હેઠળના હાથણી વિસ્તારમાં ૧૧ કે.વી. નાગના ખેતીવાડી ફીડર હેઠળ પાવર આપવામાં આવે છે, જે હાથણી વિસ્તાર વાડી વિસ્તારમાં આવતો હોય, જે રહેણાંક વિસ્તારમાં ૧૧ કે.વી. નાગના ખેતીવાડી ફીડરનો પાવર મળે છે. જે ફીડરની લાઇન વાડી વિસ્તારમાંથી પસાર થતી હોય સરકારશ્રીના પ્રવર્તમાન આદેશ મુજબ દસ કલાક થ્રી-ફેઇઝ તથા બાકીનાં ચૌદ કલાક સીંગલ ફેઇઝ વિજપુરવઠો એલએસટીસી દ્વારા આપવામાં આવે છે. લાઇન ફોલ્ટમાં હોય ત્યારે જરૂરી સમારકામ કરી ત્વરીત વિજપુરવઠો ચાલુ કરવામાં આવે છે. સદર રહેણાંક વિસ્તારમાં આવતા કનેકશન સીમતળ વિસ્તાર હેઠળ આવતા હોય તેઓને ખેતીવાડી ફીડરમાંથી વિજપુરવઠો આપવામાં આવે છે. | શ્રી એચ એસ ચૌધરી ૯૯૨૫૨૧૦૧૧૮ | હાપા | શહેર-૧ | જામનગર | નિકાલ | | |
| ૨૦ | મુકેશ લાધાભાઇ મકવાણા, રહે.હાથણી, વિસ્તાર-નવાગામ ઘેડ, જામનગર. | હાથણી વિસ્તાર હેઠળ અનિયમિત વિજ પાવર તેમજ ટ્રી-કટીંગ બાબત. | સદર રજુઆત અનુસંધાને જણાવવાનું કે, અત્રેની હાપા પેટાવિભાગ હેઠળના હાથણી વિસ્તારમાં હેઠળ ૧૧ કે.વી. નાગના ખેતીવાડી ફીડર હેઠળ પાવર આપવામાં આવે છે, સરકારશ્રીના પ્રવર્તમાન આદેશ મુજબ દસ કલાક થ્રી-ફેઇઝ તથા બાકીનાં ચૌદ કલાક સીંગલ ફેઇઝ વિજપુરવઠો એલએસટીસી દ્વારા આપવામાં આવે છે. તા.૨૮.૦૭.૨૦૧૫ નાં રોજ વરસાદી વાતાવરણના કારણે વિજપુરવઠો ખોરવાયેલ, જે ફોલ્ટ રીપેર કરી દુર કરેલ તથા ગ્રામજનોની હાજરીમાં લાઇન હેઠળ નડતરરૂપ ઝાડની ડાળીઓ કાપવાની કામગીરી કરવામાં આવેલ. | શ્રી એચ એસ ચૌધરી ૯૯૨૫૨૧૦૧૧૮ | હાપા | શહેર-૧ | જામનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૧ | શ્રી કે.બી.સરવૈયા,<br>રહે.હાથણી,<br>વિસ્તાર-નવાગામ ઘેડ,<br>જામનગર. | હાથણી વિસ્તારમાં લો-વોલ્ટેજ તથા ૨૪-કલાક પાવર આપવા બાબત. | સદર રજુઆત અનુસંધાને જણાવવાનું કે, હાથણી વિસ્તાર વાડી વિસ્તારમાં આવતો હોય, જે રહેણાંક વિસ્તારમાં ૧૧ કે.વી. નાગના ખેતીવાડી ફીડરનો પાવર મળે છે. જે ફીડરની લાઇન વાડી વિસ્તારમાંથી પસાર થતી હોય સરકારશ્રીના પ્રવર્તમાન આદેશ મુજબ દસ કલાક થ્રી-ફેઇઝ તથા બાકીનાં ચૌદ કલાક સીંગલ ફેઇઝ વિજપુરવઠો એલએસટીસી દ્વારા આપવામાં આવે છે. લાઇન ફોલ્ટમાં હોય ત્યારે જરૂરી સમારકામ કરી ત્વરીત વિજપુરવઠો ચાલુ કરવામાં આવે છે. સદર રહેણાંક વિસ્તારમાં આવતા કનેકશન સીમતળ વિસ્તાર હેઠળ આવતા હોય તેઓને ખેતીવાડી ફીડરમાંથી વિજપુરવઠો આપવામાં આવે છે. વિશેષમાં લો-વોલ્ટેજનો પ્રશ્ન દુર કરવા માટે ટી.સી. બાયફર્ગેશન કરી નવું ટી.સી. મુકવામાં આવેલ છે. આમ, અરજદારના પ્રશ્નનું સુખ:દ નિરાકરણ કરેલ છે.<br>વિશેષમાં જણાવવાનું કે, રજુઆતકર્તા એ તા.૧૨/૦૮/૨૦૧૫, નાં રોજ ચાલુ લોકદરબાર કાર્યક્રમમાં કરેલ રજુઆતમાં અરજદારશ્રીએ જણાવેલ કે સદર વિસ્તાર મહાનગરપાલિકા હેઠળ સમાવેશ કરેલ છે આ બાબતે હાથણી વિસ્તારનો સમાવેશ ગામતળ હેઠળ કરેલના યોગ્ય આધાર પુરાવા તથા દાખલા રજુ થયે કંપની દ્વારા યોગ્ય કાર્યવાહી નિયમ મુજબ કરવામાં આવશે. | શ્રી એચ એસ ચૌધરી<br>૯૯૨૫૨૧૦૧૧૮ | હાપા | શહેર-૧ | જામનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૨ | શ્રી કાનજીભાઇ વશરામભાઇ મકવાણા,<br>રહે.હાથણી,<br>વિસ્તાર-નવાગામ ઘેડ,<br>જામનગર. | નવાગામ હાથણી વિસ્તાર માં લો-વોલ્ટેજ પાવર મળવા બાબત. | સદર રજુઆત અનુસંધાને જણાવવાનું કે, હાથણી વિસ્તાર વાડી વિસ્તારમાં આવતો હોય, જે રહેણાંક વિસ્તારમાં ૧૧ કે.વી. નાગના ખેતીવાડી ફીડરનો પાવર મળે છે. જે ફીડરની લાઇન વાડી વિસ્તારમાંથી પસાર થતી હોય સરકારશ્રીના પ્રવર્તમાન આદેશ મુજબ દસ કલાક થ્રી-ફેઇઝ તથા બાકીનાં ચૌદ કલાક સીંગલ ફેઇઝ વિજપુરવઠો એલએસટીસી દ્વારા આપવામાં આવે છે. સદર રહેણાંક વિસ્તારમાં આવતા કનેકશન સીમતળ વિસ્તાર હેઠળ આવતા હોય તેઓને ખેતીવાડી ફીડરમાંથી વિજપુરવઠો આપવામાં આવે છે. વિશેષમાં લો-વોલ્ટેજનો પ્રશ્ન દુર કરવા માટે ટી.સી. બાયફર્ગેશન કરી નવું ટી.સી. મુકવામાં આવેલ છે. આમ, અરજદારના પ્રશ્નનું સુખઃદ નિરાકરણ કરેલ છે. | શ્રી એચ એસ ચૌધરી<br>૯૯૨૫૨૧૦૧૧૮ | હાપા | શહેર-૧ | જામનગર | નિકાલ | | |
| ૨૩ | શ્રી વી.ડી.મકવાણા - જિલ્લા પંચાયત સદસ્ય તથા કે.ડી.મકવાણા-મો.૯૭૧૨૨૧૧૩૩૦ તથા ધનુભાઇ સામતસિંહ-જાલણસર-મો.૯૭૨૭૬૮૮૯૩૩ | પાવરચોરી ન કરેલ હોય છતાં પાવરચોરીનું બીલ આપવા તથા વિજબીલ વધારે આવવા બાબત. | અરજદારશ્રી ધનુભાઇ સામતસિંહ - મુ.જાલણસર ને તા.૨૧.૦૫.૨૦૧૫ના રોજ વિજચેકીંગ ડ્રાઇવ દરમ્યાન તેમના વિજમીટરમાં ગેરરીતી માલુમ પડેલ આથી તેમને રૂ.૮૧૬૭.૧૦ નું પુરવણીબીલ કલમ-૧૨૬ મુજબ કંપનીના નિયમ અનુસાર આપવામાં આવેલ. અરજદારશ્રી તરફથી સદર બીલ બાબતે હજુ સુધી કોઇ રજુઆત કરવામાં આવેલ નથી. કાલાવડ (વેસ્ટ) પેટાવિભાગિય કચેરીના નાયબ ઇજનેરશ્રી દ્વારા અરજદારશ્રી ધનુભાઇ સામતસિંહ - મુ.જાલણસર ને તા.૨૪.૦૮.૨૦૧૫ ના રોજ પત્ર લખી સદર બીલ બાબતે કોઇ રજુઆત કરવાની હોય તો રજુ કરવા જણાવેલ છે. | શ્રી એસ એમ પટેલ<br>૯૮૭૯૨૦૧૮૧૧ | કાલાવડ (વેસ્ટ) | ગ્રામ્ય | જામનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૪ | શ્રી હેમરાજભાઇ નાથાભાઇ સાવલીયા _ પ્રમુખશ્રી ભારતિય કિશાન સંઘ - પસાયા બેરાજા - મો.૯૮૨૫૨૪૭૪૮ ૮ | હાપા પેટાવિભાગિય કચેરીમાં સ્ટાફની ઘટ્ટ હોવાના કારણે વિજવિતરણ સેવામાં થતાં વિલંબ બાબત | રજુઆતકર્તાએ તા.૧૨/૦૮/૨૦૧૫નાં રોજ ચાલુ લોકદરબાર કાર્યક્રમ માં કરેલ રજુઆત અન્વયે, અત્રેની હાપા પેટાવિભાગ કચેરીના વિસ્તારમાં આવતા ગામ જેવા કે, પસાયા-બેરાજા, સપડા, નાની-માટલી વગેરેના ગ્રાહકોની ફરીયાદ તથા જેજીવાય ફીડર કે એ.જી.ફીડરના ફોલ્ટ એટેન્ડ કરવા માટે એક ઇલેકટ્રીક આસીટન્ટ તથા આસી.લાઇનમેનની નિમણુંક કરેલ છે. આ ઉપરાંત મેઇન્ટેનન્સ કે અન્ય કોઇ મોટી કામગીરી માટે જરૂર જણાય હાપા પેટાવિભાગ કચેરી માંથી મદદ માટે અન્ય સ્ટાફને પણ મોકલવામાં આવે છે | શ્રી એચ એસ ચૌધરી ૯૯૨૫૨૧૦૧૧૮ | હાપા | શહેર-૧ | જામનગર | નિકાલ | | |
| ૨૫ | શ્રી જીવણભાઇ વરસાણી, ૩-ન્યુ આરામ કોલોની, જામનગર. મો.૭૪૦૫૧૮૮૦૦ ૬ | પાવર સપ્લાયમાં ખામી તથા ટ્રી-કટીંગ કરવા અને તારને બદલે કેબલ નાખવા અંગે. | રજુઆતકર્તાએ તા.૧૨/૦૮/૨૦૧૫નાં રોજ ચાલુ લોકદરબાર કાર્યક્રમમાં કરેલ રજુઆત અન્વયે અત્રેની સાત-રસ્તા પેટાવિભાગ કચેરી દ્વારા તા.૧૩/૦૮/૨૦૧૫ ના રોજ લાઇન સ્ટાફ દ્વારા સ્થળ તપાસ અને રૂબરૂ મુલાકાત કરતાં તે શેરીમાં નડતરરૂપ એલ.ટી.લાઇનને ઝાડનુ ટ્રી-કટીંગ થઇ ગયેલ છે. અને તેઓને પાવર સપ્લાય રેગ્યુલર મળે છે. અને સદર જગ્યાએ એલ.ટી.-એ.બી. કેબલ લગાડવાની જરૂરીયાત નથી. જે હકીકત અરજદારને સમજાવેલ છે. | શ્રી એચ એચ વૈરૂ ૯૯૨૫૨૧૩૪૭૨ | સાતરસ્તા | શહેર-૧ | જામનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૬ | શ્રી વલ્લભભાઇ પોપટભાઇ આણદાણી, જામનગર (મો.૯૮૯૮૫૯૩૮૬૨) | ઇન્ડસ્ટ્રીયલ કનેકશન ગ્રાહક નં.૩૨૫૫૭-૦૬૪૬૩-૭, ૩૨૫૫૭-૦૧૦૪૩-૮, ૩૨૫૫૭-૦૩૨૦૨-૬ પુનઃ ચાલુ કરવા બાબત | નગરસીમ પેટાવિભાગીય કચેરીના રેકોર્ડ મુજબ ગ્રાહક (૧) વલ્લભભાઈ પોપટભાઈ આનદાણી ગ્રાહક નંબર હાલના ૬૦૮૫૭/૦૬૪૬૩/0 જુના ગ્રાહક નંબર ૩૨૫૫૭-૦૬૪૬૩-૭ જેની સર્વિસ ઉતરી ગયેલ છે જેનુ સ્ટેટ્સ- “વાય” છે અને એરીયર્સની રકમ રૂ.૩૩૦૭/- બાકી છે. આથી વીજજોડાણ કંપનીના નિયમ મુજબ પુનઃ ચાલુ કરી શકાય તેમ નથી (૨) રમેશભાઈ ચનાભાઈ બુસા હાલના ગ્રાહક નંબર ૬૦૮૫૭-૦૧૦૪૩-૩ જુના ૩૨૫૫૭-૦૧૦૪૩-૮ જેનુ સ્ટેટ્સ “વાય” છે અને રૂ.૫૪૬૧/- જમા છે. આથી વીજજોડાણ કંપનીના નિયમ મુજબ પુનઃ ચાલુ કરી શકાય તેમ નથી (૩) રમેશભાઈ ચનાભાઈ પટેલ હાલના ગ્રાહક નંબર ૬૦૮૫૭-૦૩૨૦૨-૦ જુના ૩૨૫૫૭-૦૩૨૦૨-૬ નવા ગ્રાહક નંબર જેનુ સ્ટેટ્સ “ડી” છે અને એરીયર્સની રકમ રૂ.૫૩૫૭/- બાકી છે. આ વિજજોડાણની બાકી લેણાની રકમ ભરપાઈ કર્યે તથા નવા આધાર પુરાવા રજુ કર્યે કંપનીના નિયમાનુસાર વીજ જોડાણ પુનઃકાર્યરત કરી શકાય. | શ્રી આર એમ રાદડીયા ૯૯૭૮૧૩૪૧૩૦ | નગરસીમ | શહેર-૨ | જામનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૭ | શ્રી જમનભાઇ બાબુભાઇ વસોયા, હર્ષદપુર (મો.૯૪૨૯૯૮૦૫૧૮૮) | તેમની માલિકીની જમીનમાં વિજજોડાણ શિફ્ટીંગ બાબત. | જમનભાઇ બાબુભાઇ વસોયા રે.હર્ષદપુર લોક દરબાર તા.૧૨.૦૮.૨૦૧૫ના પોતાની માલીકીની જમીનમા પોલ ઉભા કરવા અંગે વાંધો લીધેલ તેના અનુસંધાને સ્થળ પર નાયબ ઇજનેરશ્રી દ્વારા સર્વે કરતા તથા ગ્રામ્ય પેટા વિભાગ દ્વારા શ્રી જમનભાઇ બાવજીભાઇ પટેલના શીફટીંગના વિજજોડાણ અંગે તેમણે જરુરી અંદાજપત્રક તા.૧૧.૦૫.૨૦૧૫ના ભરપાઇ કરેલ હોય. તેના વિજજોડાણ અંગે કાર્યવાહી હાથ ધરતા અરજદારશ્રીએ તેમના સેઢા પર પોલ ઉભા કરવા અંગે વાંધો લેતા તેમા સમાધાનની શકયતા ન હોય. સદર કેસ પેટા વિભાગ કચેરી દ્વારા પત્ર નં. ગ્રામ્યપે.વિ./ડીએમ/૧૫/૪૬૩ તા.૧૩.૦૮.૧૫થી મા.પ્રાંત અધીકારીશ્રીને સોંપેલ છે. તેમના હુકમ આવ્યા બાદ આગળની કાર્યવાહી ત્વરીત કરી આપવામાં આવશે. | શ્રી એચ.પી.દુધાગરા ૯૮૭૯૨૦૧૭૯૬ | ગ્રામ્ય | શહેર-૨ | જામનગર | નિકાલ | | |
| ૨૮ | શ્રી બસીરભાઇ ઉમરભાઇ, હુશેની ચોક, મસ્જીદ પાસે, ગુલાબનગર, જામનગર (મો.૮૧૪૦૩૧૦૦૪૮) | નવું વિજમીટર નાખતા વધારે વિજબીલ આવવા બાબત. | રજુઆતકર્તાએ તા.૧૨/૦૮/૨૦૧૫નાં રોજ ચાલુ લોકદરબાર કાર્યક્રમમાં કરેલ રજુઆત અન્વયે અત્રેની દરબારગઢ પેટાવિભાગ કચેરીના નાયબ ઇજનેર દ્વારા તા.૧૨/૦૮/૨૦૧૫ નાં રોજ અરજદારશ્રી ના જુના મીટરનું લેબરોજકામ કરી આપેલ છે. તથા તેના રીપોર્ટની નકલ પણ તેજ દિવસે અરજદારને આપેલ છે. નવા મીટરના વધુ બીલ આવવા બાબતે લોકદરબારમાં ખાત્રી આપ્યા મુજબ તા.૧૩/૦૮/૨૦૧૫ના રોજ અરજદારના ધરવપરાશના મીટરની સ્થળ પર ચકાસણી કરેલ તે લોડમુજબ જ વિજ વપરાશ નોંધે છે. તે હકીકત છે અરજદારને સમજાવેલ છે. | શ્રી એચ એમ માણેક ૯૮૭૯૨૦૧૭૮૬ | દરબારગઢ | શહેર-૧ | જામનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૯ | શ્રી માવજીભાઇ પરમાર-સતવારા સમાજ પ્રમુખશ્રી (મો.૯૯૨૪૨૮૯૪૦૧) | પાવરચોરી થતી હોઇ, પકડવામાં મદદરૂપ થવા બાબત. | રજુઆતકર્તાએ તા.૧૨/૦૮/૨૦૧૫નાં રોજ ચાલુ લોકદરબાર કાર્યક્રમમાં કાલાવડ નાકા બહાર-જામનગરમાં વિજ-ચોરી અંગે ની માહિતી ખાનગી રાહે આપવા માટે રજૂઆત કરેલ. તે અંગે અધિક્ષક ઇજનેરશ્રી દ્વારા સદર અરજદાર નો અભાર વ્યક્ત કરી જણાવેલ કે “આપની માહિતી કોઇપણ સમયે યોગ્ય માધ્યમ દ્વારા વર્તુળ કચેરી ને મોકલી આપશો અને તે મહિતી ખાનગી રાખી તેના પર ત્વરીત અમલવારી કરવાની” ખાત્રી આપવામાં આવેલ. | શ્રી એચ એમ માણેક ૯૮૭૯૨૦૧૭૮૬ | દરબારગઢ | શહેર-૧ | જામનગર | નિકાલ | | |